©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] FRIDAY, 05th DECEMBER, 2025/AGRAHAYAN 14, 1947 [No. 8211

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

નવસારી મહાનગરપાલિકા

પ્રથમ માળ, સરદાર પટેલ ભવન, શાક માર્કેટની બાજુમાં, દુધિયા તળાવ, નવસારી.

અધિસૂચના

ક્રમાંક : જા.નં. નવ/મનપા/ટી.પી./૯૪૦૮/૯૪૦૯/૨૦૨૫-૨૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, નગર રચના યોજના નવસારી નં. ૩ (ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર)માં આવેલ અંતિમખંડ નં.૧૬૮ ની "માર્કેટ" ના હેતુવાળી જમીનનો હેતુ "સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર" તરીકે સૂચવી હેતુફેર કરવા (બીજો ફેરફાર) કરવાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૭૦(એ) ની જોગવાઈઓને આધીન અધિનિયમની કલમ-૭૨(એ) હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સદરહુ યોજનાની વિગતો નીચે મુજબ છે.

ચર્તુસીમા :

ઉત્તરે : ૧૮ મી લાગુ ટીપી રોડ

દક્ષિણે : લાગુ અંતિમખંડ નં. ૫૧

પૂર્વે : લાગુ અંતિમખંડ નં. ૨૯

પશ્ચિમે : ૧૨ મી લાગુ ટીપી રોડ

આ સમગ્ર બાબતે નવસારી મહાનગરપાલિકાના વહીવટદારશ્રીએ આપેલ મંજૂરીના ઠરાવની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

નવસારી મહાનગરપાલિકા વહીવટદારશ્રીના ઠરાવ નં. ૨૮૨, તા. ૦૧-૧૧-૨૦૨૫

નામદાર સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૨-૦૬-૨૦૨૦ થી "નવસારી-વિજલપોર નગરપાલિકા'' ની રચના કરવામાં આવેલ છે. જેમાં નવસારી નગરપાલિકામાં વિજલપોર નગરપાલિકા, જમાલપોર, ચોવીસી, વિરાવળ, કાલિયાવાડી, કબીલપોર, તિઘરા, ઈટાળવા તથા છાપરા ગામનો સમાવેશ કરતાં નવસારી વિજલોર નગરપાલિકાનો વિસ્તાર કુલ ૪૩.૬૨ ચો.કિમી થયેલ. પરંતુ, સદરહુ વધારો થયેલ વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળની તમામ સત્તા/કાર્યો નવસારી શહેરી વિકાસ સત્તામંડળ(નુડા) દ્વારા કરવામાં આવેલ છે. નવસારી મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આયોજિત વિકાસ થઈ શકે તેમજ સમાવિષ્ટ નવીન ગામોમાં પ્રાથમિક સેવા અને સગવડોનું પણ સુઆયોજન કરી શકાય તે હેતુથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળના કલમ-૨૩(૧)ના ક્લોઝ (II) થી (X) અને કલમ-૨૭ થી ૪૯, કલમ-૬૭ થી ૬૯ તથા તેને આનુસંગિક કાર્યો/સત્તા નવસારી મહાનગરપાલિકાને આપવી જરૂરી જણાતી હોઈ જેને અનુલક્ષી નવસારી શહેરી વિકાસ સત્તામંડળ(નુડા) ધ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૩(૨) હેઠળ જરૂરી દરખાસ્ત ના. સરકારશ્રીમાં પાઠવવા અત્રેથી તા.૧૯-૦૨-૨૦૨૫ના પત્ર થી વિનંતી કરેલ. જે અન્વયે નવસારી શહેરી વિકાસ સત્તામંડળ (નુડા) ની તા. ૨૫-૦૩-૨૦૨૫ની બોર્ડ બેઠકમાં સર્વાનુમતે મંજૂર કરી ના.સરકારશ્રીના તા. ૦૧-૦૪-૨૦૨૫ થી દરખાસ્ત કરેલ.

હાલમાં ના.સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૯/૦૬/૨૦૨૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૩(૨) હેઠળ કલમ-23(1)(ii), 23(1)(v), 23(1)(v-a), 23(1)(vi), 23(1)(vi-a), 23(1) (vii) ના તમામ અધિકારો અને સત્તાઓ નવરચિત મહાનગરપાલિકાને સોંપવા માટે હુકમ કરવામાં આવેલ છે.

નવસારી મહાનગરપાલિકાની કચેરી હાલ તત્કાલીન નવસારી-વિજલપોર નગરપાલિકાના ઘણા વર્ષો જૂના બિલ્ડિંગમા કાર્યરત છે. જેથી મહાનગરપાલિકા કચેરી માટેની નવી બિલ્ડીંગની જરૂરિયાતે નવસારી મહાનગરપાલિકા વિસ્તારની મંજૂર અંતિમ યોજના નં.૦૩ (ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર) ના જાહેર હેતુ અન્વયેના અંતિમખંડ નં.૧૬૮ (માર્કેટ)ની ૩૯૯૪ ચો.મી. વાળી જમીનમાં નવસારી મહાનગરપાલિકા અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ-નવા મહેકમ તેમજ આગામી સમયમાં ચુંટણી બાદ ચૂંટાયેલા સભ્યોશ્રી, ચેરમેનશ્રી, મેયરશ્રીઓની બેઠક વ્યવસ્થામાં અગવડતા ઉભી થવાની સંભાવના હોય જે અન્વયે નાયબ ચ્યુ.કમિશરશ્રી (પ્રોજેક્ટ) ના પત્ર નં. મ.ન.પા. જા.નં.૪૦૬૧/૨૦૨૫-૨૦૨૩, તા.૨૮/૦૭/૨૦૨૫ના પત્રથી મંજૂર અંતિમ યોજના નં.૦૩ (ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર)ના અંતિમખંડ નં.૧૬૮ (માર્કેટ)ની ૩૯૯૪ ચો.મી. જમીન હેતુ-ફેર ની કાર્યવાહી કરવા અત્રેને દરખાસ્ત કરેલ છે. જે સરકારશ્રી દ્વારા તા. ૧૯-૦૨-૧૯૯૯ ના રોજ થી મંજૂર થયેલ આખરી નગર રચના યોજના મુજબ જાહેર હેતુ અન્વયેનો પ્લોટ છે.

વધુમાં સદરહુ જાહેર હેતુના માર્કેટ પ્લોટની નજીકમાં આખરી નગર રચના યોજના નં.૦૨ (દશેરા ટેકરી)ના અંતિમ ખંડ નં.૩૦૨ માં શોપિંગ સેન્ટર તેમજ આખરી નગર રચના યોજના નં.૦૩ (ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર) ના અંતિમ ખંડ નં.૧૭૦માં શોપિંગ સેન્ટર તત્કાલિન નગરપાલિકા દ્વારા નિર્માણ કરી કાર્યરત કરાયેલ છે. જેને ધ્યાને લેતા જાહેર સુવિધા અન્વયે નવસારી મહાનગરપાલિકાના નવા મકાન બનાવવા સારૂ સદરહું જાહેર હેતુ અન્વયેના અંતિમખંડ નં. ૧૬૮ (માર્કેટ)ને કલમ-૭૦ (એ) હેઠળ હેતુફેર કરવા ઉચિત જણાય છે.

નામ.સરકારશ્રીના તા.૨૦/૦૨/૨૦૧૫ના પરિપત્ર નં. નરય-૧૦૨૦૧૪-૫૩૦૬-લ મુજબ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૪૦(૩)(જેજે)(એ) અન્વયે નગર રચના યોજનાઓમાં વિવિધ હેતુઓ માટે જમીનની ફાળવણી માટેની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં કલમ-૪૦(૩)(જેજે)(એ)(iii)માં ૫ ટકા સામાજીક માળખા (Social Infrastructure) જેવા કે સ્કુલ, ડીસ્પેન્સરી, ફાયર બ્રિગેડ, જેવી જાહેર ઉપયોગીતા માટે સમુચિત સત્તામંડળને ફાળવવામાં આવતી જમીનો જાહેર જનતાને વિવિધ સુવિધાઓને પ્રવર્તમાન જરૂરીયાત મુજબ ઉપરોકત હેતુને બદલે અન્ય જાહેર ઉપયોગો જેવા કે નગરપાલિકા/મહાનગરપાલિકાની વોર્ડ ઓફીસ, સીવીક સેન્ટર, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વિગેરે માટે તેનો ઉપયોગ કરવાના કિસ્સામાં અધિનિયમની કલમ-૭૦ એ મુજબ હેતુ ફેરફાર કરવાની પરિસ્થિતી ઉત્પન્ન થાય છે. જેથી આવી તમામ ફાળવણી ઉપરોકત જેવા અલગ-અલગ હેતુઓને બદલે સામાજીક માળખા (Social Infrastructure) તરીકે જ નગર રચના યોજનામાં ફાળવણી કરવાની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.

ઉપરોકત તમામ મુદ્દાઓ ધ્યાને લેતા ઉકત કલમ-૨૩(૨) અન્વયે ટી.પી. સ્કીમો બનાવવા/ફેરફાર કરવાની સત્તા નવસારી મહાનગરપાલિકાને મળેલ છે. આથી, ટી.પી. એક્ટ-૧૯૭૬ની કલમ-૭૦(એ) હેઠળ અંતિમ ટી.પી. સ્કીમ.૦૩ (ગણદેવી શેડ પૂર્વ તિઘરા વિસ્તાર) ના જાહેર હેતુ અન્વયેના અંતિમખંડ નં.૧૬૮ની માર્કેટ ના હેતુ વાળી જમીનમાં સરકારશ્રીના તા. ૨૦/૦૨/૨૦૧૫ ના પરિપત્ર નં. નરય-૧૦૨૦૧૪-૫૩૦૬-લ ધ્યાને રાખી સામાજિક માળખા તરીકે હેતુફેર ની દરખાસ્ત કરવાની થાય છે. તેથી નવસારી મહાનગરપાલિકા ધ્વારા ટી. પી. એક્ટ-૧૯૭૬ ની કલમ-૭૦(અ) હેઠળ રાજ્ય સરકારશ્રીમાં અંતિમ ટી. પી. સ્કીમ.૦૩ (ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર) (બીજો ફેરફાર)ની દરખાસ્ત પાઠવવા માટેની સત્તા સોંપવા અર્થે જરૂરી ઠરાવ કરી ત્યારબાદ, અધિનિયમની કલમ-૭૨ અનુસારની પધ્ધતિ અનુસરતા ડ્રાફ્ટ સુધારો સરકારી ગેઝેટ અને સમાચારપત્રોમાં પ્રસિધ્ધ કરવાની કામગીરી મહાનગરપાલિકા દ્વારા કરવાની થાય છે.

આથી, ઉપરોક્ત તમામ વિગતોને ધ્યાને લઇ નવસારી મહાનગરપાલિકા ધ્વારા ટી. પી. એક્ટ-૧૯૭૬ની કલમ-૭૦(અ) હેઠળ રાજ્ય સરકારશ્રીમાં અંતિમ યોજના નં.૦૩ (ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર) રિઝર્વેશન નં.૧૬૮(માર્કેટ) હેતુ વાળી જમીનને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે કરવા માટે અંતિમ યોજના નં.૦૩ (ગણદેવી રોડ પૂર્વ તિઘરા વિસ્તાર) (બીજા ફેરફાર) ની દરખાસ્ત પાઠવવા માટેની સત્તા સોંપવા તેમજ અધિનિયમની જોગવાઈઓ અન્વયે નિયમઆનુસાર આગળની તમામ આનુષાંગીક કાર્યવાહી કરવા કમિશ્નરશ્રીને સઘળી સત્તા સોંપવા અંગે ઠરાવવા આવે છે.

સદરહુ બીજા વખતના ફેરફાર દર્શાવતા નકશાની નકલ નીચે દર્શાવેલ સરનામે કામકાજના દિવસોએ કચેરીના સભ્ય દરમિયાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી મુકવામાં આવી છે. સદર વેરીડ ટી.પી. સ્કીમનો મુસદ્દો રાજ્ય સરકારના રાજ્યપત્ર(ગેજેટ)માં પ્રસિદ્ધ થયા તારીખથી એક(૧) માસની અંદર યોજનાથી જેમને કોઈપણ અસર થઈ હોઈ તો તેવા શખ્સો સદર યોજના સંબંધમાં કોઈપણ લેખિત વાંધો સમય મર્યાદામાં નીચે જણાવેલ કચેરીએ મોકલી આપશે તો નવસારી મહાનગરપાલિકા તે ઉપર વિચારણા કરશે. તેની નોંધ લેવા વિનંતી છે.

સ્થળ: નવસારી

તારીખ : ૨૪-૧૧-૨૦૨૫

દેવ ચૌધરી
કમિશનર
નવસારી મહાનગરપાલિકા
નવસારી

કચેરીનું સરનામું :

નવસારી મહાનગરપાલિકા
પ્રથમ માળ, સરદાર પટેલ ભવન
શાકમાર્કેટની બાજુમાં, નવસારી-૩૯૬૪૪૫.
ફોન નં. : ૨૪૦૨૫૪/૨૫૦૨૫૩-૦૨૬૩૭
ઈ-મેલ : mc_nmc@gujarat.gov.in

નવસારી મહાનગરપાલિકા

પ્રથમ માળ, સરદાર પટેલ ભવન, શાક માર્કેટની બાજુમાં, દુધિયા તળાવ, નવસારી.

અધિસૂચના

ક્રમાંક: જા.નં. નવ/મનપા/ટી.પી./૯૪૧૦/૯૪૧૧/૨૦૨૫-૨૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, નગર રચના યોજના નવસારી નં. ૪ (ગણદેવી રોડ પશ્ચિમ છાપરા વિસ્તાર)માં આવેલ અંતિમખંડ નં.૩૫ ની "ફાયર બ્રિગેડ" ના હેતુવાળી જમીનનો હેતુ "સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર" તરીકે સૂચવી હેતુફેર કરવા (પ્રથમ ફેરફાર) કરવાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૭૦(એ) ની જોગવાઈઓને આધીન અધિનિયમની કલમ-૭૨(એ) હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સદરહુ યોજના ની વિગતો નીચે મુજબ છે.

ચર્તુસીમા :

ઉત્તરે : ૧૨ મી લાગુ ટીપી રોડ

દક્ષિણે : લાગુ અંતિમખંડ નં. ૩૬

પૂર્વે : લાગુ અંતિમખંડ નં. ૪૦

પશ્ચિમે : ૯ મી લાગુ ટીપી રોડ

આ સમગ્ર બાબતે નવસારી મહાનગરપાલિકાના વહીવટદારશ્રીએ આપેલ મંજૂરીના ઠરાવની વિગતો નીચે જણાવ્યા મુજબ છે.

નવસારી મહાનગરપાલિકા વહીવટદારશ્રીનાં ઠરાવ નં. ૨૮૩, તા. ૦૧-૧૧-૨૦૨૫

નામદાર સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૨-૦૬-૨૦૨૦થી ''નવસારી-વિજલપોર નગરપાલિકા''-ની રચના કરવામાં આવેલ છે. જેમાં નવસારી નગરપાલિકામાં વિજલપોર નગરપાલિકા, જમાલપોર, ચોવીસી, વિરાવળ, કાલીયાવાડી, કબીલપોર, તિઘરા, ઈટાળવા તથા છાપરા ગામનો સમાવેશ કરતાં નવસારી વિજલોર નગરપાલિકાનો વિસ્તાર કુલ ૪૩.૬૨ ચો.કિમી થયેલ. પરંતુ, સદરહુ વધારો થયેલ વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળની તમામ સત્તા/કાર્યો નવસારી શહેરી વિકાસ સત્તામંડળ(નુડા) ધ્વારા કરવામાં આવેલ છે. નવસારી મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આયોજિત વિકાસ થઈ શકે તેમજ સમાવિષ્ટ નવીન ગામોમાં પ્રાથમિક સેવા અને સગવડોનું પણ સુઆયોજન કરી શકાય તે હેતુથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ હેઠળના કલમ-૨૩(૧) ના ક્લોઝ (II) થી (X) અને કલમ-૨૭ થી ૪૯, કલમ-૬૭ થી ૬૯ તથા તેને આનુસંગિક કાર્યો/સત્તા નવસારી મહાનગરપાલિકાને આપવી જરૂરી જણાતી હોઈ જેને અનુલક્ષી નવસારી શહેરી વિકાસ સત્તામંડળ(નુડા) ધ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૩(૨) હેઠળ જરૂરી દરખાસ્ત ના.સરકારશ્રીમાં પાઠવવા અત્રેથી તા.૧૯/૦૨/૨૦૨૫ના પત્રથી વિનંતી કરેલ. જે અન્વયે નવસારી શહેરી વિકાસ સત્તામંડળ(નુડા)ની તા. ૨૫-૦૩-૨૦૨૫ની બોર્ડ બેઠકમાં સર્વાનુમતે મંજૂર કરી ના. સરકારશ્રીના તા. ૦૧-૦૪-૨૦૨૫થી દરખાસ્ત કરેલ.

હાલમાં ના.સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૯/૦૬/૨૦૨૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૩(૨) હેઠળ કલમ - 23(1)(ii), 23(1)(v), 23(1)(v-a), 23(1)(vi), 23(1)(vi-a), 23(1) (vii) ના તમામ અધિકારો અને સત્તાઓ નવરચિત મહાનગરપાલિકાને સોંપવા માટે હુકમ કરવામાં આવેલ છે.

નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં અલગ-અલગ શાળાઓ, કોલેજ મહાશાળાઓ આવેલ છે.શાળાએ તથા કોલેજ જતાં વિદ્યાર્થિઓ તેમજ જાહેર જનતાને વાંચન માટે સુવ્યવસ્થા મળી રહે તેવા શુભાશયથી નવીન લાયબ્રેરી (પુસ્તકાલય/વાંચનાલય)નું મકાન બનાવવાની જરૂરીયાત જણાય છે. સદર બાબતે નવસારી મહાનગરપાલિકા વિસ્તારની મંજૂર અંતિમ યોજના નં.૦૪ (ગણદેવી રોડ પશ્ચિમ છાપરા વિસ્તાર) ના રિઝર્વેશન નં.૩૫ (ફાયર બ્રિગેડ) ની ૧૦૧૪.૦૦ ચો.મી. અંતિમખંડ વાળી જમીનમાં નવીન લાયબ્રેરીના બાંધકામ માટે માન.કમિશરશ્રીની મંજૂરી મળેલ. જે અન્વયે નાયબ મ્યુ. કમિશરશ્રી(પ્રોજેક્ટ)ના પત્ર નં.મ.ન.પા. જા.નં.૪૦૬૦/૨૦૨૫-૨૦૨૬, તા. ૨૮-૦૭-૨૦૨૫ના પત્રથી મંજૂર અંતિમ યોજના નં.૦૪ (ગણદેવી રોડ પશ્ચિમ છાપરા વિસ્તાર) ના રિઝર્વેશન નં.૩૫ (ફાયર બ્રિગેડ)ની ૧૦૧૪.૦૦ ચો.મી. જમીન હેતુ-ફેરની કાર્યવાહી કરવા અત્રેને દરખાસ્ત કરેલ છે.

નામ.સરકારશ્રીના તા. ૨૦-૦૨--૨૦૧૫ ના પરિપત્ર નં.નરય-૧૦૨૦૧૪-૫૩૦૬-લ મુજબ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૪૦(૩)(જેજે)(એ) અન્વયે નગર રચના યોજનાઓમાં વિવિધ હેતુઓ માટે જમીનની ફાળવણી માટેની જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં કલમ-૪૦(૩)(જેજે)(એ)(iii)માં ૫ ટકા સામાજીક માળખા (Social Infrastructure) જેવા કે સ્કુલ, ડીસ્પેન્સરી, ફાયર બ્રિગેડ, જેવી જાહેર ઉપયોગીતા માટે સમુચિત સત્તામંડળને ફાળવવામાં આવતી જમીનો જાહેર જનતાને વિવિધ સુવિધાઓને પ્રવર્તમાન જરૂરીયાત મુજબ ઉપરોકત હેતુને બદલે અન્ય જાહેર ઉપયોગો જેવા કે નગરપાલિકા/મહાનગરપાલિકાની વોર્ડ ઓફીસ, સીવીક સેન્ટર, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વિગેરે માટે તેનો ઉપયોગ કરવાના કિસ્સામાં અધિનિયમની કલમ-૭૦ એ મુજબ હેતુ ફેરફાર કરવાની પરિસ્થિતી ઉત્પન્ન થાય છે. જેથી આવી તમામ ફાળવણી ઉપરોકત જેવા અલગ-અલગ હેતુઓને બદલે સામાજીક માળખા (Social Infrastructure) તરીકે જ નગર રચના યોજનામાં ફાળવણી કરવાની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.

ઉપરોકત તમામ મુદ્દાઓ ધ્યાને લેતા ઉકત કલમ-૨૩(૨) અન્વયે ટી.પી. સ્કીમો બનાવવા/ફેરફાર કરવાની સત્તા નવસારી મહાનગરપાલિકાને મળેલ છે. આથી, ટી.પી. એક્ટ-૧૯૭૬ની કલમ-૭૦(અ) હેઠળ અંતિમ ટી.પી. સ્કીમ નં.૦૪માં અંતિમખંડ નં.૩૫ની ફાયર બ્રિગેડના હેતુ વાળી જમીનમાં સરકારશ્રીના તા. ૨૦-૦૨-૨૦૧૫ના પરિપત્ર નં. નય-૧૦૨૦૧૪-૫૩૦૬-લ ધ્યાને રાખી સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર તરીકે હેતુફેરની દરખાસ્ત કરવામાં આવે છે. તેથી નવસારી મહાનગરપાલિકા ધ્વારા ટી.પી. એક્ટ-૧૯૭૬ની કલમ-૭૦(અ) હેઠળ રાજ્ય સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવા માટેની સત્તા સોંપવા અર્થે જરૂરી ઠરાવ કરી ત્યારબાદ, અધિનિયમની કલમ-૭૨ અનુસારની પધ્ધતિ અનુસરતા ડ્રાફ્ટ સુધારો સરકારી ગેઝેટ અને સમાચારપત્રોમાં પ્રસિધ્ધ કરવા તથા લાગુ રહીશો/વ્યક્તિના સૂચનો/વાંધાઓ માટે ૧-માસનો સમય આપી તમામ સાહિત્યને સરકારશ્રીમાં મંજૂરી અર્થે સાદર કરવાની કાર્યવાહી કરવાની થાય છે.

આથી, ઉપરોક્ત તમામ વિગતોને ધ્યાને લઈ નવસારી મહાનગરપાલિકા ધ્વારા ટી.પી. એક્ટ-૧૯૭૬ની કલમ-૭૦(અ) હેઠળ રાજ્ય સરકારશ્રીમાં અંતિમ યોજના નં.૦૪ (ગણદેવી રોડ પશ્ચિમ છાપરા વિસ્તાર) રિઝર્વેશન નં.૩૫ ની (ફાયર બ્રિગેડ) હેતુ વાળી જમીનને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે કરવા માટે અંતિમ યોજના નં.૦૪ (ગણદેવી રોડ પશ્ચિમ છાપરા વિસ્તાર) (પ્રથમ ફેરફાર) ની દરખાસ્ત પાઠવવા માટેની સત્તા સોંપવા તેમજ અધિનિયમની જોગવાઈઓ અન્વયે નિયમઆનુસાર આગળની તમામ આનુષાંગીક કાર્યવાહી કરવા કમિશ્નરશ્રીને સઘળી સત્તા સોંપવા અંગે ઠરાવવા આવે છે.

સદરહુ પ્રથમ વખતના ફેરફાર દર્શાવતા નકશાની નકલ નીચે દર્શાવેલ સરનામે કામકાજના દિવસોએ કચેરીના સભ્ય દરમિયાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી મુકવામાં આવી છે. સદર વેરીડ ટી.પી. સ્કીમનો મુસદ્દો રાજ્ય સરકારના રાજ્યપત્ર(ગેજેટ)માં પ્રસિદ્ધ થયા તારીખથી એક(૧) માસની અંદર યોજનાથી જેમને કોઈપણ અસર થઈ હોઈ તો તેવા શખ્સો સદર યોજના સંબંધમાં કોઈપણ લેખિત વાંધો સમય મર્યાદામાં નીચે જણાવેલ કચેરીએ મોકલી આપશે તો નવસારી મહાનગરપાલિકા તે ઉપર વિચારણા કરશે. તેની નોંધ લેવા વિનંતી છે.

સ્થળ : નવસારી

તારીખ : ૨૪-૧૧-૨૦૨૫

દેવ ચૌધરી
કમિશનર
નવસારી મહાનગરપાલિકા
નવસારી

કચેરીનું સરનામું :

નવસારી મહાનગરપાલિકા
પ્રથમ માળ, સરદાર પટેલ ભવન
શાકમાર્કેટની બાજુમાં, નવસારી-૩૯૬૪૪૫.
ફોન નં. : ૨૪૦૨૫૪/૨૫૦૨૫૩-૦૨૬૩૭
ઈ-મેલ : mc_nmc@gujarat.gov.in

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.12.08 12:38:12 IST